વંચાણે લીધા:-

**પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના નીચે જણાવેલ જાહેરનામાં ક્રમાંક:**

(૧) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૧૪/૨૦૧૪ તા.૧૯/૦૬/૨૦૧૪
(૨) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૯૪/૨૦૧૬ તા.૨૮/૦૯/૨૦૧૬
(૩) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૩/૨૦૧૭ તા.૧૫/૦૪/૨૦૧૭

## જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૪ /૨૦૧૭ તા.૨૩/૧૨/૨૦૧૭

હું, એ.કે.સિંઘ **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ચારથી વધું પૈડા વાળા યાંત્રિક શકિતથી ચાલતા ભાર વાહક તથા પેસેન્જર વાહનો અને ટ્રેક્ટર-ટ્રેઈલર સહીતના વાહનોને પ્રવેશબંધી અને બનતાં અકસ્માતો નિવારવા તેમજ અન્ય ટ્રાફીક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને અકસ્માતને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલી બાહેંધરીના અનુસંધાને અમદાવાદ શહેરમાં ભારે તથા મધ્યમ પ્રકારનાં ભાર વાહક તથા પેસેન્જર વાહનો, ટ્રેક્ટર-ટ્રેઈલર સહીતનાં ધીમા ચાલતા યાંત્રિક વાહનો તેમજ આ વાહનો વ્યાપારી ધોરણે ઉપયોગમાં લેવાતાં હોય તેવા ચારથી વધું પૈડા વાળા યાંત્રિક શકિતથી ચાલતા ભાર વાહક વાહનો અને ટ્રેક્ટર-ટ્રેઈલર સહીતના વાહનોને તેમજ ચારથી વધુ પૈડાવાળા યાંત્રિક શકિતથી ચાલતા પેસેન્જર વાહનો સવાર કલાક ૦૭.૦૦ થી રાત્રી કલાક ૨૩.૦૦ સુધી અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહી કે અવર જવર કરી શકશે નહી.

**(એ) ફક્ત આર.ટી.ઓ. કચેરીનાં કામકાજ માટે નીચે દર્શાવ્યા મુજબ માર્ગ ઉપર કલાક ૧૦.૦૦ થી ૧૮.૦૦ દરમ્યાનમાં ઉપયોગ કરવાનો રહેશે.**

1. સુભાષબ્રીજ આર.ટી.ઓ. કચેરીના કામ માટે આવવા અને જવા માટે સરદાર પટેલ રિંગ રોડનો ઉપયોગ કરી ઝુંડાલ/તપોવન સર્કલ થી વિસત પેટ્રોલ પંપ, અચેર ચાર રસ્તા, ચિમનભાઇ પટેલ બ્રીજ થઇ ફકત આર.ટી.ઓ. કચેરીના કામ માટે આવી અને જઇ શકશે.
2. વસ્ત્રાલ આર.ટી.ઓ. કચેરીનાં કામ માટે સરદાર પટેલ રિંગ રોડનો ઉપયોગ કરી વસ્ત્રાલ ચાર રસ્તા થઇ ફકત આર.ટી.ઓ. કચેરીના કામ માટે આવી અને જઇ શકશે.

**(બી) ભારે અને મધ્યમ પ્રકારના ફક્ત ફ્રુટ,દૂધ,શાકભાજી,પેટ્રોલ,ડીઝલ, સી.એન.જી., એલ.પી.જી. નું વિતરણ/સપ્લાય કરતાં વાહનો નીચેના માર્ગો ઉપર (સવાર કલાક ૦૯.૦૦ થી**

**૧૩.૦૦ અને સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૧.૦૦ સિવાયનાં સમયગાળા માટે) જવા આવવાની છુટછાટ આપવામાં આવે છે.**

1. જેતલપુર ઓકટ્રોયનાકા, નારોલ, વિશાલા સર્કલ થઇ ડાબા હાથે સરખેજ તેમજ જમણા હાથે એ.પી.એમ.સી. માર્કેટ
2. નારોલ સર્કલ થી ચંડોળા તળાવ, બહેરામપુરા ચોકી, જમાલપુર શાક માર્કેટ
3. નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તાથી મેમ્કો ચાર રસ્તા પાસે આવેલ ફ્રુટ માર્કેટ

ઉપરોકત છુટછાટ દરમ્યાન શહેરના માર્ગો ઉપર કોઇ પણ સંજોગોમાં માલ વાહક વાહન પાર્ક કરી શકશે નહીં કે માલની ચઢ ઉતર કરી કરાવી શકશે નહીં. આ આદેશનુ ઉલ્લંઘન કરવામાં આવે તો જાહેરનામાનો ભંગ ગણાશે.

આ સિવાય ભારે તથા મધ્યમ પ્રકારનાં પેસેન્જર વાહનો અને ટ્રેકટર-ટ્રેઇલર સહીતનાં ભારવાહક વાહનો કે જેઓ પાસે વાહન ઉભુ રાખવા માટે પાર્કિંગની વ્યવસ્થા હોય તેવા વાહન માલીક તથા સંચાલકોને આવા વાહનો પાર્કિંગ પ્લોટ સુધી લાવવા માટે કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ દરમ્યાન છુટ આપવામાં આવે છે. જેમાં વાહન માલિક અને સંચાલકોએ પોતાના વાહનો શહેરમાં પાર્ક કરવા પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવાની રહેશે. પોતાના પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કર્યા અંગે ટ્રાફીક બ્રાંન્ચ પાસેથી બાહેંધરી લેવાની રહેશે અને તેના પુરાવા આપ્યા બાદ ટ્રાફીક બ્રાંન્ચની મંજુરીથી જે રૂટ આપવામાં આવે ફકત તે જ રૂટ ઉપર નક્કી કરેલા પાર્કિંગ પ્લોટ સુધી શહેરમાં આવ-જા કરી શકાશે. આ અંગેની પરવાનગી અલગથી મેળવવાની રહેશે.

આ વાહન ચાલક/માલીક/સંચાલકોએ આ પાર્કિંગ પ્લોટમાં જ વાહનો પાર્ક કરવાના રહેશે અને ત્યાંથી જ મોટર વાહન ધારા મુજબ પેસેન્જર વાહનને પરમીટની શરતો મુજબનાં જ પાર્કિંગ પ્લોટનો ઉપયોગ પેસેન્જર લેવા ઉતારવા માટે કરવાનો રહેશે. આ સિવાય બીજા કોઇ અન્ય સ્થળે પાર્ક કે પેસેન્જર ચઢાવી કે ઉતારી શકાશે નહી. તેમજ પાર્કિંગ માટે જાહેર માર્ગ ઉપર અગર જાહેર જગ્યાઓમાં કોઇ જગ્યાએ વાહન ઉભા રાખી શકાશે નહી.

**આ જાહેરનામામાંથી નીચે મુજબના વાહનોને મુકતી આપવામાં આવે છે,પરંતુ મૂકિત આપેલ આ તમામ વાહનો એરહોર્ન-ડાર્ક ફીલ્મ વિનાના, વાહનની આગળ-પાછળ અને સાઇડમાં નિયમાનુસાર રિફલેકટીવ ટેપ લગાવેલ તેમજ અકસ્માત પ્રસંગે આ વાહનો નીચે ટુ-વ્હીલર કે તેના વાહન ચાલક કે રાહદારી ઘુસી જતા અટકાવવાં નક્કી થયેલ FUPD,SUPD,RUPD (Front/Side/Rear under run Protective device) ફીટ કરેલ હોવું જોઇશે અને રોડ સાઇડ પર પાર્ક કરી શકશે નહીં.**

1. તમામ કોલેજ અને સ્કુલ બસ
2. લગ્ન પ્રસંગે જવા-આવવા ઉપયોગમાં લેવાતાં પેસેન્જર વાહનો
3. એસ.ટી. કોર્પોરેશન, એ.એમ.ટી.એસ.,બી.આર.ટી.એસ.,ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનો

આ સિવાય અમદાવાદ શહેરમાં ચાલતાં વિકાસનાં કામો કે સરકારી કામો કે પ્રાઇવેટ કામોમાં વાહનની પ્રવેશની આવશ્યકતાં જણાય ત્યારે અત્રે ટ્રાફીક વિભાગની મંજુરી લેવાની રહેશે અને તે અંગે ટ્રાફીક વિભાગ જે સમય અને રૂટ આપે તે મુજબ જ પ્રવેશ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૪/૧૨/૨૦૧૭ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ

અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૨૩/૧૨/૨૦૧૭
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક તથા મુખ્ય મથક, વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.